ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૪-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રાકૃતિક આપદા સામે માનવી લાચાર

વિજ્ઞાને ગમે તેટલી હરણફાળ ભરી હોય પરંતુ અતિવૃષ્ટિ, ભૂકંપ, વાવાઝોડાં કે જવાળામુખી અથવા ત્સુનામી જેવી પ્રાકૃતિક આપદાઓને તે રોકી શકતો નથી. એટલું જ નહીં, અમુક કુદરતી આફતોનું આગોતરું આકલન પશુપંખી કરી શકે છે અને સલામત જગ્યાએ ખસી જવા કોશિશ કરે છે. જયારે માણસ આવી આપદાઓનો પગરવ પારખી શકતો નથી. નેપાળમાં મહાવિનાશ વેરનાર ભૂકંપ વિશે વિશ્વની કોઇ પણ વૈજ્ઞાનિક સંસ્થાએ ભવિષ્યવાણી ભાખી નહોતી. ફક્ત એ વિસ્તાર ભૂકંપની વિશેષ શક્યતાવાળો પ્રદેશ હોવાનું જ અનુમાન ભૂસ્તર શાસ્ત્રીઓ પાસે છે. નેપાળની રાજધાની કાઠમંડુથી ૭૭ કિ.મી. દૂર પોખરા નજીક ધરતીનાં પેટાળમાં દસ કિ.મી. ઊંડે એપિસેન્ટર ધરાવતા રિસ્ટર સ્કેલ પર ૭.૯ થી વધુ તીવ્રતાવાળા ભૂકંપથી હિમાયની ગોદ ખળભળી ઊઠી છે. નેપાળ પ્રવાસન પર નભતું રાષ્ટ્ર છે, એટલે માઉન્ટ એવરેસ્ટ જેવા સર્વોચ્ચ ગિરિશિખરના પર્વતારોહીઓથી લઇ પશુપતિનાથનાં દર્શને ગયેલા શ્રદ્ધાળુઓ સુધી બધાં જ ઓચિંતી કુદરતી આફતમાં સપડાઇ ગયા છે. ભૂકંપ ખરા બપોરે આવ્યો એથી લોકોનો સમયસર ઊંચા મકાનોમાંથી મેદાનમાં આવવાની તક સાંપડી, નહીંતર ઘણી વધુ જાનહાનિ થઇ હોત. નેપાળની અડોઅડ આવેલા બિહાર, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળના પ્રદેશોમાં પણ ભૂકંપથી જાનમાલનું ભારે નુકશાન થયું છે. આવી પ્રાકૃતિક આપદા વખતે સૌથી મહત્ત્વની બાબત છે તત્કાળ, યુદ્ધનાં ધોરણે રાહત અને બચાવકાર્ય. ભારત સરકારે આ કામ પૂરી નિષ્ઠા અને સજ્જતાપૂર્વક હાથ ધર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ક્ષણના પણ વિલંબ વગર આ અંગે જરુરી કાર્યવાહી હાથ ધરી અને આ મુદ્દે ઇમરજંસી મિટીંગ બોલાવીન નેપાળ તેમજ ભારતનાં અસરગ્રસ્ત રાજયોમાં યુદ્ધના ધોરણે બચાવ તેમજ રાહત કાર્યો શરુ કરાવી દીધાં, તે ખરેખર ખૂબ જ વખાણવા લાયક તેમજ ભારત માટે નેપાળ સંદર્ભે તો ગૌરવ લેવા જેવી બાબત જ ગણાય. નેપાળને લુચ્ચાં લાડ લડાવતાં રહેલાં ચીની ડ્રેગનના પેટનું પાણી પણ હાલ્યું નથી, જયારે નેપાળમાં ડ્રગ્સ અને હથિયારોનો કાળો કારોબાર ચલાવી ભારતમાં આતંક ફેલાવનારા પાકિસ્તાને ફક્ત દુઃખની લાગણી વ્યક્ત કરીને ફરજ પૂરી થયેલી માની લીધી છે. નરેન્દ્ર મોદીએ તાત્કાલિક એનડીઆરએફની ટીમો રવાના કરી છે, તે એમની કાર્યકુશળતાનું જવલંત ઉદાહરણ છે, તેમ ભારત માટે નેપાળ કેટલું લાડકું પાડોશી રાષ્ટ્ર છે, એની પણ પ્રતીતિ છે. નેપાળને એની દુઃખની ઘડીએ ભારત જ હૂંફ આવી શકે કારણ કે ભૌગોલિક કરતાં એની સાથે ભારતના સાંસ્કૃતિક સંબંધો - 'ધર્મની સગાઇ' વિશેષ મહત્ત્વ ધરાવે છે. ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપની યાદ તાજી કરાવતા આ ભૂકંપ પછી એટલું તો સ્વીકારવું જ રહ્યું કે કાળા માથાનો માનવી કુદરત સામે હજી વામણો જ છે. જો આવી આફતોથી એ થોડોઘણો પણ બોધપાઠ લે અને પ્રાકૃતિક તત્ત્વોનું શોષણ કરવાની ખતરનાક અને આત્મઘાતક પ્રવૃત્તિઓ ઓછી કરે, તો કદાચ એનું ભવિષ્ય વધુ સલામત બની રહેશે એમ નથી લાગતું?

## જનક પટેલ લિખિત નવલકથા હિન્દીમાં રજૂ થશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતી લેખક જનક પટેલની ગુજરાતી નવલકથા 'સ્પિરીટ ઓફ લવ' હિન્દી ભાષામાં રજુ કરવામાં આવશે. નવલકથામાં નિઃસ્વાર્થ પ્રેમની દાસ્તાન રજુ કરવામાં આવી છે.

નવલકથાની વિશે માહિતી આપતા જનક પટેલ જણાવે છે કે નવલકથા વિશે અનેક અધિકારીઓ, સાહિત્યકારો, પત્રકારો અને કોલેજીયન યુવક યુવતિઓના પ્રતિભાવો જાણ્યા બાદ હિન્દીમાં રજુ કરવામાં આવી રહી છે. નવલકથામાં વીર ઝારા હિન્દી ફિલ્મમાં બતાવવામાં આવેલ પ્રેમની જેમ 'સ્પિરીટ ઓફ લવ' કહાનીમાં નિઃસ્વાર્થ પારદર્શક પ્રેમની દાસ્તાન રજૂ કરવામાં આવી છે.

નગરની સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા 'મોસમ છલકે... છ દાયકાની' શિર્ષક હેઠળ સંગીતસભર કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે શનિવારે યોજાઈ ગયો. શ્રોતાઓથી ખીચોખીચ હોલમાં એક પછી એક ગીતોની સુંદર રજૂઆતે મોડીરાત્રી સુધી જકડીને રાખ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

# નગરના બજારમાં વેકેશન, પ્રવાસ અને લગ્નસરાના પગલે ભારે ઘરાકી

### પ્રવાસ-પર્યટનની પૂર્વ તૈયારીના ભાગરૂપે લોકો ખરીદી કરી રહ્યા છે

### નજીકમાં જ લગ્નસરાની મૌસમ હોવાથી પણ ઘરાકીમાં વધારો થયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના બજારોમાં વેકેશન અને લગ્નસરાની સીઝનના પ્રારંભે ઘરાકીમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. વેકેશન માણવા બહાર જવાની તૈયારીઓમાં વ્યસ્ત નગરજનો પ્રવાસ માટે જરૂરી ચીજવસ્તુઓ ખરીદી રહ્યા છે. આ ઉપરાંત આવનારા ૧૫ દિવસમાં આવી રહેલ લગ્નોની સીઝન માટે પણ લોકો પૂર્વ તૈયારી રૂપે ખરીદી કરતા જોવા મળી રહ્યાં છે.

શહેરની મોટાભાગની શાળાઓમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થઈ ચુક્યો છે. ઉનાળાની રજાઓમાં ગાંધીનગરના ઘણા બધા પરિવારો પરિવાર સાથે અથવા મિત્રો કે સગા સંબંધીઓ સાથે કોઈ હિલ સ્ટેશન અથવા જાણીતા પર્યટન સ્થળે પ્રવાસ કરવા જવાના છે. ઘણા સુખી પરિવારો તો વિદેશના સ્થળોએ પ્રવાસ કરવા જવાનું આયોજન કરી ચુક્યા છે. પ્રવાસ દરમ્યાન જરૂર પડતી ચીજવસ્તુઓ જેમ કે નવા કપડા, ચંપલ, બુટ મોજા થેલા, ચશ્મા, કેપ, હેટ, દૂરબીન, કેમેરા, વેગ તેમજ અન્ય નાની-મોટી વપરાશની વસ્તુઓ જેવી કે ટુથપેસ્ટ, ટુથબ્રશ, શેવીંગ કીટ, મેકઅપ કીટ, બોડીસ્પ્રે, ડીઓડરન્ટ, ટેલ્કોમ પાવડર જેવી અનેક આઈટમોની જરૂર પડતી હોય છે. હવે તો ઈલેક્ટ્રોનિક્સ આઈટમો જેવી કે એકસ્ટ્રા મોબાઈલ ચાર્જર, પાવર બેંક, હેડફોન, મેસ્કિટો કીલર વગેરે પણ પ્રવાસ માટે અનિવાર્ય બની ચુક્યા છે. રજાઓમાં નગરના અનેક પરિવારો પ્રવાસે જવાના હોઈ આ બધી ચીજવસ્તુઓ નગરજનો પૂર્વ તૈયારી રૂપે ખરીદી રહ્યા છે. જેના કારણે નગરના શોપીંગ મોલ્સ અને દુકાનો પર ગ્રાહકોની ભીડમાં વધારો થવા પામ્યો છે.

આ ઉપરાંત નજીકના સમયગાળામાં નગરમાં લગ્નગાળાની મોટી સીઝન આવી રહી છે. તા. ૭-૮ મેએને ૧૦-૧૧-૧૨ મેતેમજ તા. ૨૨-૨૩ મેદરમ્યાન અનેક લગ્ન સમારંભના આયોજનો હાથ ધરાયાં છે. જેના ઘરે લગ્ન પ્રસંગ હોય તેમને અનેક પ્રકારની ચીજવસ્તુઓ જેમાં કરિયાણાથી માંડીને કપડાં-લત્તા, ઘરેણાં, શાકભાજી, પ્રોવીઝન ચીજવસ્તુઓ અને માંડવા-મંડપમાં જરૂર પડતી વસ્તુઓ, મીઠાઈઓ વગેરેની જરૂરિયાત રહેતી હોય છે. આ ઉપરાંત ડીસ્પોઝેબલ આઈટમો જેમ કે ગ્લાસ, કપ, ડીશો, પેપર નેપકિન વગેરે જેવી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. છેલ્લી ઘડીએ દોડાદોડી ના કરવી પડે તે માટે લોકો મોટાભાગની ચીજવસ્તુઓ અગાઉથી ખરીદી લેવાનું વલણ ધરાવતા હોવાથી હાલ લગ્નસરાની ઘરાકી બજારમાં સારી એવી જોવા મળી રહી છે. વળી, જેના ઘરે લગ્ન પ્રસંગ નથી પરંતુ બે-ત્રણ લગ્ન સમારંભમાં જવાનુંઆમંત્રણ મળ્યુ હોય તેઓ ગીફ્ટ ભેટ વગેરે અથવા વ્યવહાર પ્રમાણે આપવાના ઘરેણાં-કપડા અથવા અન્ય ચીજવસ્તુઓની ખરીદી પણ અગાઉથી કરી રહ્યાં છે. લગ્નસરાની ઘરાકીના કારણે નગરની દુકાનો, શોપીંગ સેન્ટરોઅનેશોપીંગ મોલ્સમાં લોકોની ભીડ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે.

# લોઅર પ્રાથમિકના શિક્ષકોને હાયરમાં સમાવવા માટે માંગ

### ધોરણ ૬થી આઠમાં યોગ વિષય દાખલ કરવાની રાજ્ય સરકાર દ્વારા ઘોષણાઃ રમત ગમત પ્રવૃત્તિને વધુ પ્રોત્સાહન

અમદાવાદ,તા. ૨૬

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણમાં યોગ વિષય દાખલ કરવાની જાહેરાત કરવામાં આવી છે તેમજ કેન્દ્ર સરકારના હકારાત્મક વલણ બાદ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરેલ છે અને વિશ્વના ૧૭૭ દેશોએ સ્વીકારેલ છે. જેથી રાજ્ય સરકારે ધોરણ ૬થી ૮માં યોગ વિષય દાખલ કરવાની જાહેરાત કરી છે. જે મામલે રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાત દ્વારા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શારિરીક શિક્ષણના તાલીમી સ્નાતક સમકક્ષ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સ્વીકારવા શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ યોગ એ આપણી સંસ્કૃતિની પરંપરા છે તેમજ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા ખેલમહાકુંભ જેવા કાર્યક્રમો યોજી ખેલાડીઓને આશ્વાસન ઇનામો આપીને પ્રોત્સાહન પુરુ પાડેલ છે પરંતુ આ ખેલાડીઓને તૈયાર કરનાર પ્રાથમિક શાળાના વ્યાયામ શિક્ષકોને અન્યાય થઈ રહ્યો છે.

નવા વર્ષથી યોગ વિષય દાખલ થાય તે પહેલા યોગ શિક્ષણ માટેના શિક્ષકો જે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની લાયકાત ધરાવે છે તેવા ડીપીએડ, સીપીએડ તેમજ એમએની લાયકાત ધરાવતા શિક્ષકો હાલ ધોરણ ૧થી પાંચમાં ફરજ બજાવે છે. જેઓ તાલીમી સ્નાતક તરીકે ભરતી થયેલ છે. યોગ શિક્ષણ તેમજ શારિરીક શિક્ષણને ન્યાય મળે તે અને આવા શિક્ષકોને અન્યાય ન થાય તે માટે રાજ્ય સરકાર સત્તાની રુએ નિયમોમાં ફેરફાર કરી તેમજ જરૂર પડે એચઆરડીની મંજુરી લઈ ધોરણ ૧થી પાંચમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોને ધોરણ ૬થી ૮માં વિષય શિક્ષક તરીકે અથવા ઠરાવની જોગવાઈ ૩૦-૪-૧૫ વેકેશન પહેલા ઠરાવ તથા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પાંચ મુદ્દાની લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં યોગ શિક્ષણ ધોરણ ૬થી ૮માં દાખળ કરવાને કારણે હાલ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શારિરીક શિક્ષણના તાલીમી સ્નાતક સમકક્ષ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં વિકલ્પ સ્વીકારવા, ડીપીએડ-સીપીએડને લાયકાત ધરાવતા શિક્ષકો એચ ટાટની પરીક્ષા આપવા દઈ પ્રાથમિક શાળામાં આ આચાર્યની ભરતી કરવી, યોગ અને શારિરીક શિક્ષણનો વિષયક દાખલ કરી વિષય શિક્ષકનો ધોરણ ૬થી ૮નો દરજ્જો આપવો, ધોરણ ૬થી ૮ વ્યાયામ શિક્ષકોની ભરતી કરવી, શારિરીક શિક્ષણના શિક્ષકોની કામગીરી અંગેઆરટીઈ એક્ટ ૨૦૦૯ની કલમમાં ફેરફાર કરવાનો સમાવેશ થાય છે.

## ભૂકંપમાં ભોગ બનેલા માટે રાહત કેમ્પ શરૂ કરાયો

ગાંધીનગર, તા. ૨૬

નેપાળમાં આવેલ ભૂકંપની અસર દેશના અનેક રાજ્યોમાં થઈ છે. અસંખ્ય લોકો બેઘર અને નિઃસહાય થઈ ગયા છે. દિલ્હી ખાતે સ્વામિનારાયણ મંદિરમાં રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે.

દિલ્હી સ્વામિનારાયણ મંદિર ખાતે સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ભૂકંપમાં ફસાયેલા ભોગ બનેલા લોકો માટે રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. કેમ્પમાં નાગરિકો માટે રહેવા, જમવા સહિત તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ...

જોયુ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કાંઇ કામ લાગતું નથી... આપણે થેપલા - આથેલા મરચાં - સુખડી - સુકીભાજી બનાવીને પહોંચાડી એ જ કામ લાગશે... !!

## ટાઉનહૉલમાં એ.સી. પ્લાન્ટ ખોટવાતા શ્રોતાઓ પરસેવે રેબઝેબ

ગાંધીનગર, તા. ૨૬

સે-૧૭ સ્થિત ટાઉનહોલમાં મૌસમ છલકે છ દાયકાની કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓ પરસેવે નિતર્યા હતા. ટાઉનહાલના એ. સી પ્લાન્ટની ખરાબીના લીધે સંગીતપ્રેમીઓ ગરમીથી અકળાયા હતા. શરુઆતના એક કલાક દરમિયાન હાથમાં પાસ અને હાથરુમાલ હલાવી કાર્યક્રમમાં ગરમી સામે અદબ જાળવી રાખી હતી. ટાઉનહોલમાં સઘળી વ્યવસ્થા ખાડે ગયેલી છે. આમછતાં હોલના રીનોવેશનનો પ્રોજેકટ હાથ ધરાતો નથી. આયોજકો પાસેથી માત્ર ભાડુ વસુવા પુરતી જ તકેદારી લેવાતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ટાઉનહાલમાં સંસ્કૃતિ સંસ્થા દ્વારા શનિવારે રાત્રે મૌસમ છલકે છ દાયકાની સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરંતુ આ કાર્યક્રમ દરમિયાન ટાઉનહોલના એ સી પ્લાન્ટમાં ખામી હોવાથી શ્રોતાઓ ગરમીથી અકળાયા હતા. સંગીતપ્રેમીઓએ હાથમાં પાસ અને હાથ રૂમાલ રાખી ભારે ગરમી વચ્ચે પણ કાર્યક્રમ માંણ્યો હતો. સ્ટેજ પરથી રજૂ થતા રસપ્રદ ગીતાએ શ્રોતાઓનો જકડી રાખ્યા હતા. પરંતુ ગરમીના લીધે ટાઉનહોલની સાંકડી બેઠક વ્યવસ્થામાં સંગીત પ્રમીઓ માટે મંઝવણરૂપ સ્થિતિ સર્જાઈ હતી. ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ લાંબા સમયથી અટવાયેલો છે. ત્યારે સરકારકક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા કલાકારો અને કલારસિકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે.

## ચિત્ર સ્પર્ધા માટેની ગ્રાન્ટને બે મહિના છતાં શાળાઓ વંચિત

રાજ્યની તમામ શાળાઓમાં ૩૦ જાન્યુઆરીના રોજ ગાંધીનિર્વાણ દિન નિમિત્તે ફરજિયાત ચિત્રસ્પર્ધાનું આયોન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો જે સંલગ્ન તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધાના આયોજન પાછળ થતા ખર્ચ પેટે ગ્રાન્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ સરકારની ગંભીર બેદરકારીતા કારણે બે મહિના કરતા વધુ સમય થઈ ગયો હોવા છતાં રાજ્યની એક પણ શાળાને ગ્રાન્ટ આપવામાં આવી નથી. જેને કારણેશાળા સંચાલકોમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ગત ગાંધી નિર્વાણ દિવસે રાજ્યની તમામ શાળાઓમાં સ્વચ્છતા અભિયાનની સાથે ચિત્રસ્પર્ધાનુંઆયોજન કરવામાં આવ્યુંહતું. જે અંતર્ગત રાજ્યની કુલ ૪૦ હજારથી વધુ પ્રામિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા આ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામવાના ઉદ્દેશ્ય સાથે યોજવામાં આવેલ સામૂહિક ચિત્ર સ્પર્ધાના ખર્ચ પેટે દરેક શાળાઓને ગ્રાન્ટ ચુકવવાનું વચન આપવામાં આવ્યું હતું.

# આપણે 'બેટી બચાવો' અભિયાન ચલાવી રહ્યા છીએ ત્યારે શિક્ષિત લોકો પણ દિકરીના જન્મને કેમ આવકારતા નથી?

**મહિલા સમાજ અને કાયદા**
**- ડો. ભાવના કે. જોશીપુરા**

આપણે વિવિધ કાયદાઓ વિશે માર્ગદર્શન મેળવી રહયા છીએ. લગ્નવિષયક સમસ્યા સંદર્ભે અનેક પ્રકારના કેસોના ઉદાહરણ સાથે પણ અભ્યાસ કર્યો છે. સ્ત્રીઓની સામાજિક સ્થિતિ, મહિલા અને સશકિતકરણ આ બધી બાબતોના સંદર્ભમાં કાયદાકીય જાગૃતિ ખૂબ મોટો ભાગ ભજવે છે. એક દિકરીએ પોતાની આત્મવ્યથા વર્ણવીને એવો સવાલ ઉઠાવ્યો છે કે આપણે બેટી બચાઓ અભિયાન ચલાવી રહયા છીએ ત્યારે શિક્ષિત લોકો પણ દિકરીના જન્મને કેમ આવકારતા નથી?

નિશાના જ શબ્દોમાં તેની વ્યથા જોઈએ તો, નિશા ખૂબ ભણેલી છે. નિશા સમાજમાં આગવું સ્થાન પણ ધરાવે છે. એક મોટી હોસ્પિટલમાં નોકરી કરે છે અને માસીક રૂપિયા સીતેર હજારથી વધારે પગાર મેળવે છે. નિશાના લગ્ન શિક્ષણમાં તેની સમકક્ષ રાજન સાથે થાય છે. રાજનની પસંદગીથી નિશાના લગ્ન નકકી થયા છે. શિક્ષિત પુત્રવધૂ હોય અને પોતાની જાતે સક્ષમ હોય તે ખરેખર આનંદની વાત છે. પરંતુ નિશાને પોતે ભણેલી છે અને તે બાબતે મેણાટાણાં સાંભળવા પડે છે. આપણે શિક્ષણના પ્રચાર અને પ્રસાર સાથે સામાજિક જાગૃતિનો સંદેશો પણ પહોંચાડવો પડશે. નિશાને ખૂબ મોટો પગાર હોવાને કારણે અને હોસ્પીટલમાં ખૂબ કામ રહેતુ હોવાને કારણે રસોઈ વાળા એક બહેન પણ તેણે રાખ્યા છે. શરૂઆતનું જીવન થોડી કચકચ છતાં સારી રીતે ચાલ્યું જાય છે.

નિશા ગર્ભવતી થાય છે. નિશાને સારા દિવસોના સમાચાર મળતાં સાસુ વારંવાર જણાવે છે કે ભભઆપણે દિકરો જ જોઈએ. ''આજના યુગમાં પણ કેટલીક જગ્યાએ અંધશ્રધ્ધા જોવા મળે છે. નિશાને કોઈ ઘરગથ્થુ વૈદ પાસે લઈજઈને દવા લેવવાનું કહેવામાં આવે છે. સાસુ સ્પષ્ટપણે માને છે કે એ વૈદરાજની દવા લેવાથી દિકરો આવશે. નિશા આવી કોઈ દવા તૈયાર નથી. માત્ર આ બાબતને લઈને નિશાના જીવનમાં જાણે કે આંતરિક એક તોફાન ઉભુ થાય છે. એક બાજુથી સાસુ અને નણંદ પહેલા વૈદરાજ પાસે જવાની જીદમાં છે અને એ વૈદરાજે આપેલી દવા ફરજિયાત લેવા દબાણ કરે છે. બીજી બાજુ નિશા પોતે દિકરી અને દિકરામાં ભેદ માનતી નથી અને આ બાબતે સામસામે જીભાજોડી થાય છે. નિશા પોતાના પતિ સાથે પણ આ બાબતે ચર્ચા કરે છે. નિશાનો પતિ એવું જણાવે છે કે મારી માતા કહે તેમ કરવું પડશે. નિશાનો પતિ એમ પણ જણાવે છે કે ગર્ભમાં રહેલ બાળકની જાતિ પરીક્ષણ કરાવી લઈએ. જો દિકરો હોય તો પછી વૈદરાજ પાસે જવાની જરૂર નથી. નિશા ભ્રૂણ પરીક્ષણ કરાવવાની ચોખ્ખી અને સ્પષ્ટ ના પાડે છે. નિશા પોતાના ગર્ભમાં રહેલ બાળક સંદર્ભે ખૂબ મોટી લડત આપે છે. નિશા જાણવા માંગે છે કે ગર્ભપરીક્ષણ અને ભ્રૂણ હત્યા અંગે કાયદાકીય જોગવાઈ કયા પ્રકારે છે.

ભ્રૂણ હત્યા સંદર્ભે એમ.ટી.પી. એકટ એટલે કે ધી મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એકટ ૧૯૭૧ અસ્તિત્વમાં છે. આ કાયદાની જોગવાઈ અંતર્ગત ભ્રૂણ પરીક્ષણ અને ભ્રૂણ હત્યા અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ખાસ કરીને નિશાના કેસમાં બન્યુ તેમ અનેક ઉટવૈદો ખોટી પ્રેકટીસ કરીને પોતાના ખીસ્સા ભરવાનું કામ કરે છે.

આપણા દેશમાં ગર્ભ પરીક્ષણ કરાવવું એ અપરાધ છે. કોઈપણ સ્ત્રીના ગર્ભમાં વિકસી રહેલા ભ્રૂણનું જાતિ પરીક્ષણ કરાવવું તે ગુનો છે. જે કોઈ વ્યકિત આ પ્રકારનું કૃત્ય કરે તેમાં જાતિ પરીક્ષણ કરાવનાર માતાપિતા તેમજ ડોકટરને ત્રણ વર્ષની કેદ થઈ શકે છે. આટલો કડક કાયદો હોવા છતાં લાખો બાળકીઓ એવી છે જેમને જન્મતા પહેલાં જ મારી નાખવામાં આવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો દુર ઉપયોગ કરીને સ્ત્રી ભ્રૂણ હત્યા કરવામાં આવે છે. ખરેખર તો અલ્ટ્રા સાઉન્ડ ટેસ્ટથી ગર્ભમાં વિકસતા બાળકને કોઈ શારીરીક ખોડ ખાંપણ છે કે કેમ, ગર્ભનો વિકાસ યોગ્ય થઈ રહયો છે કે કેમ એ બધી બાબત જાણવા માટે ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આજ ટેકનોલોજીનો દુરઉપયોગ કરીને જન્મતા પહેલાં જ બાળકીને ખતમ કરી દેવામાં આવે છે. હાલમાં દરેક જિલ્લામાં આ પ્રકારનો બનાવો અટકાવવા જિલ્લા કક્ષાએ ખાસ કમીટીની રચના કરવામાં આવી છે.

જે ડોકટર સ્ત્રી આરોગ્યના નિષ્ણાંત હોય અને સોનોગ્રાફી મશીન વસાવવા માંગતા હોય તેની પણ નોંધ જિલ્લા કક્ષાએ કરવામાં આવી છે. તેમજ આવી ખરીદી સંદર્ભે પણ પરવાનગી લેવાની જોગવાઈ છે. મોટાભાગના લોકો ગર્ભપરીક્ષણ એ બાબો કે બેબી છે તે સંદર્ભે કરાવે છે. પરંતુ તેવું પરીક્ષણ પણ ગુનો છે. આગળ કહયું તેમ ગર્ભસ્થ શીશુની વિકાસની સ્થિતિ તેમજ વિકાસને લગતી ઉણપ જો યોગ્ય સમયે જાણી શકાય તો તેનો યોગ્ય સમયે ઉપચાર થતાં તંદુરસ્ત બાળકનો જન્મ થઈ શકે. સમગ્ર દેશમાં દિકરીઓના જન્મ બાબતે એક ચિંતાનું વાતાવરણ જોવા મળે છે. રાષ્ટ્રીય કક્ષાએ પણ બેટી બચાઓ અભિયાન જાહેર કરવામાં આવેલ છે. કાયદાના સંદર્ભમાં જોઈએ તો,

મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એકટ ૧૯૭૧ ની કાયદાકીય જોગવાઈ મુજબ બાર સપ્તાહ સુધીના ગર્ભપાતને જ સલામત માનવામાં આવે છે. કોઈપણ સ્ત્રી ગર્ભાવસ્થાના બાર થી વીસ સપ્તાહ સુધી ગર્ભપાત કરાવવા માંગે તો કાયદામાં છૂટ છે પરંતુ તેની સાથે જ કેટલીક શરતો પણ મુકવામાં આવી છે. જો ગર્ભઅવસ્થા ચાલુ રાખવાથી માતા ને ગંભીર, શારીરીક કે માનસીક પ્રશ્નો ઉભા થવાની શકયતા હોય એટલે કે માતાની જિંદગી ઉપર જોખમ હોય અને ખરેખર તેમ નહીં કરવાથી માતાના આરોગ્યને પૈસામાં ન આંકી શકાય તેવું નુકશાન થાય તેમ હોય તો અને તો જ ડોકટરના અભિપ્રાયના આધારે ગર્ભપાત અંગેનો નિર્ણય લઈ શકાય છે. પરંતુ આવો નિર્ણય તે બે ડોકટરની પેનલે આપવો પડે છે.

જે કોઈ વ્યકિત કાયદેસર રીતે ડોકટર ન હોય છતાં પોતાની રીતે આવા પ્રકારનું કૃત્ય કરતા હોય તો તેવી વ્યકિતને આ કાયદા મુજબ બે થી સાત વર્ષની સખત કેદની સજા થાય છે. જો કોઈ વ્યકિત કાયદેસર ડોકટર હોય અને રજિસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર હોય પણ તે લાયસન્સ ન ધરાવતી જગ્યામાં ગર્ભપાત કરે તો તેને બેથી સાત વર્ષથી સજા થઈ શકે છે. કાયદાની જોગવાઈ તો એટલી બધી કડક છે કે જે વ્યકિતની જગ્યામાં આવું કૃત્ય કરવામાં આવ્યું હોય તે જગ્યાના માલિકને પણ બેથી સાત વર્ષની સજા થઈ શકે છે. જો કોઈ દિકરી પુખ્તવયની ન હોય એટલે કે સગીર હોય અથવા કોઈ સ્ત્રી માનસીક રીતે બીમાર હોય તો આવી દિકરી કોના સંદર્ભમાં તેના વાલીના લેખીત સંમતિ સીવાય જો ગર્ભપાત થયો હોય તો ડોકટરને સજા થઈ શકે છે.

ગર્ભ પરીક્ષણ એક ગંભીર ગુનો છે. તેવી બાબત સૌ જાણે છે અને છતાં નિશા જેવી વ્યકિતએ હેરાન થવું પડે છે. નિશાને ગર્ભપરીક્ષણ કરાવવું નથી પરંતુ નિશાનો પતિ એ ડોકટર છે અને ભ્રૂણના વિકાસને જાણવા સંદર્ભે સોનોગ્રાફી કરાવવા નિશાને ફોંસલાવીને લઈ જાય છે. નિશાને એમ થાય છે કે ભ્રૂણના વિકાસ સંદર્ભેતો જાણવું જ જોઈએ. અને તેથી તે ગર્ભપરીક્ષણ કરાવે છે.

પતિ જાણી જાય છે કે ગર્ભમાં સ્ત્રીભ્રૂણ છે અને ત્યારપછી નિશાની તબક્કાવાર લડાઈ શરૂ થાય છે. નિશા કાયદાકીય રક્ષણ પણ લેવા માંગે છે. આ કાયદાની વધુ જોગવાઈઓ, સમાજમાં સ્થિતિ, અને નિશાના સંઘર્ષની ગાથા સાથે મળીએ આવતા અંકે...